# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
( રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર )
## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ભરૂચ
૮-૯ માંગલ્ય કોમ્પ્લેક્ષ, નવી કલેકટર કચેરી સામે, શક્તિનાથ રોડ, ભરૂચ-૩૯૨૦૦૧
E-mail Id :- dsdo-bharuch@gujarat.gov.in


જાવક નં જિ.ર.પ્ર.કે.ભરૂચ : ૪૯૮ તા. ૨૬/૧૨/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી,
તમામ ગુજરાત રાજય

વિષય : ખેલ મહાકુંભ ૨૦૨૫ સીધી રાજ્યકક્ષાની અં-૧૭ ભાઈઓ/બહેનો અને ઓપન એજ ગ્રુપ ભાઈઓ/બહેનો સોફ્ટ ટેનીસ રમતની સ્પર્ધાના આયોજન બાબત.

સંદર્ભ: આસિસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરના તા.૨૪/૧૨/૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક:એસ.એ.જી./ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭થી૪૭૫૫૨ અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ભરૂચની કચેરી દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત સીધી રાજયકક્ષાની અં-૧૭ ભાઈઓ/બહેનો અને ઓપન એજ ગ્રુપ ભાઈઓ/બહેનો સોફ્ટ ટેનીસ રમતની સ્પર્ધા તા.૦૧/૦૧/૨૦૨૬ થી તા.૦૪/૦૧/૨૦૨૬ દરમ્યાન લવ ઓલ ટેનીસ એકેડમી, મહારાજશ્રી કે.જી.એમ સ્કુલ કમ્પાઉન્ડ, ઝાડેશ્વર રોડ, ભરૂચ મુકામે યોજાનાર છે. ભાગ લેનાર ખેલાડીઓની એન્ટ્રી તા.૩૦/૧૨/૨૦૨૫ના રોજ સુધીમાં dsdo-bharuch@gujarat.gov.in ઉપર ઈ-મેઈલથી અચૂક મોકલી આપવી. સ્પર્ધા નીચે મુજબના કાર્યક્રમ પ્રમાણે યોજાનાર છે. તે અંગેની જાણ આપના જિલ્લાના ભાગ લેનાર ખેલાડીઓને કરવા વિનંતી છે.

**ખેલ મહાકુંભ ૨૦૨૫ સીધી રાજયકક્ષા સોફ્ટ ટેનીસ સ્પર્ધાનો કાર્યક્રમ**

| ક્રમ | વયજૂથ | ઇવેન્ટ | રીપોર્ટીંગ સમય અને સ્પર્ધા તારીખ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ઓપન એજ ગ્રુપ ભાઈઓ/બહેનો | સિંગલ્સ | તા.૦૧/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૦૦ કલાકે | લવ ઓલ ટેનીસ એકેડમી, મહારાજશ્રી, કે.જી.એમ સ્કુલ કમ્પાઉન્ડ, ઝાડેશ્વર રોડ, ભરૂચ ૩૯૨૦૦૧ |
| ૨ | ઓપન એજ ગ્રુપ ભાઈઓ/બહેનો | ડબલ્સ | તા.૦૨/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૦૦ કલાકે | |
| ૩ | અં-૧૭ ભાઈઓ | સિંગલ્સ/ડબલ્સ | તા.૦૩/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૦૦ કલાકે | |
| ૪ | અં-૧૭ બહેનો | સિંગલ્સ/ડબલ્સ | તા.૦૪/૦૧/૨૦૨૬ સવારે ૦૯:૦૦ કલાકે | |

<u>રજીસ્ટ્રેશન અને સ્થાનિક સંપર્ક માટે નીચે મુજબના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનો સંપર્ક કરવાનો રહેશે.</u>

સંપર્ક નંબર: (૧) શ્રી રાહુલ પાટીલ, મો.નં.: ૭૬૦૦૦૧૪૯૬૦
(૨) શ્રી વાજીદખાન પઠાણ, મો.નં.: ૯૯૨૪૫૪૬૩૨૨

નિવાસ માટે સંપર્ક નંબર : ૧) હિતેશ પઢીયાર, મો.નં.: ૭૪૩૩૦૫૭૯૮૪
૨) કૈલાશબેન પટેલ, મો.નં.:૭૦૧૬૭૩૬૩૭૧

**અગત્યની સુચના :**

(૧) ઓનલાઈન KMK ID નંબરવાળી રીસીપ્ટ દરેક ખેલાડીએ ફરજીયાતપણે સ્પર્ધા સ્થળે જમા કરાવવાની રહેશે તેમજ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેજ ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
(૨) સ્પર્ધામાં આવનાર ખેલાડીઓએ વાલીનું સંમતિપત્ર સાથે લાવવાનું રહેશે.
(૩) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત આધાર કાર્ડ અને જન્મ પ્રમાણપત્ર સાથે લાવવાના રહેશે.
(૪) ખેલ મહાકુંભ ૨૦૨૫માં ભાગ લેવા આવનાર ખેલાડીઓ, કોચીઝ અને મેનેજરશ્રીઓ પોતાની બેંક ખાતાની વિગત રોકડ પુરસ્કારના ફોર્મ ભરવા માટે સાથે લાવવાની રહેશે.
(૫) સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત છે.
(૬) જિલ્લામાંથી આવતા તમામ ખેલાડીઓ, કોચીઝ અને મેનજર સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહિં.
(૭) આ સ્પર્ધા સોફ્ટ ટેનીસ એસોસીએશનના નીતીનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
(૮) સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
(૯) નિવાસ સ્થળે નિયત ડિપોઝીટ જમા કરાવવાની રહેશે. સ્પર્ધા પૂર્ણ થયે જરૂરી ચીજ વસ્તુ જમા કરાવ્યા બાદ ડિપોઝીટ પરત કરવામાં આવશે.
(૧૦) ઋતુ અનુસાર ઓઢવાનું પોતાની સાથે લાવવાનું રહેશે. તેમજ ખેલાડીઓએ કિંમતી સામાન સાથે લાવવો નહીં અન્યથા જવાબદારી તેની પોતાની રહેશે.
(૧૧) સીધી રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રથમ રાઉન્ડમાં વિજેતા થઈને બીજા રાઉન્ડમાં પ્રવેશ થનાર ખેલાડીને જ નિવાસ આપવામાં આવશે. જો સ્પર્ધા બપોર બાદ પૂર્ણ થવાની હોય તેવા સંજોગોમાં જે તે જિલ્લાના ખેલાડીઓ તેમજ ટીમને રાત્રી નિવાસની વ્યવસ્થા આપવામાં આવશે.
(૧૨) ખેલાડીઓ, કોચ અને મેનેજર સિવાય ખેલાડીઓ સાથે આવનાર વાલી કે શિક્ષકને કોઈ પણ જાતની વ્યવસ્થા આપવામાં આવશે નહિં. જેની ખાસ નોંધ લેવી.
(૧૩) ખેલ મહાકુંભ ૨૦૨૫ના પરીપત્રમાં દર્શાવ્યા મુજબના નિયમો ધ્યાને લેવાના રહેશે. (બિડાણ સામેલ છે)

Rajansinh
જિલ્લા રમતગમત અધિકારી(ઈ.ચા)
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
ભરૂચ

Rajansinh
જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
ભરૂચ

નકલ સવિનય રવાના જાણ સારૂ:

(૧) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૨) માન. કલેકટરશ્રી, કલેકટર કચેરી, ભરૂચ.
(૩) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૪) આસીસ્ટન્ટ ડાયરેક્ટરશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૫) પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજય સોફ્ટ ટેનીસ એસોસીએશન (સ્પર્ધા સ્થળે જરૂરી ઓફીશીયલ્સ પુરા પાડવા સારૂ)
(૬) ભરૂચ જિલ્લા વ્યાયામ પ્રચારક મંડળ, ભરૂચ.

નકલ સવિનય રવાના જાણ સારૂ અને જરૂરી કાર્યવાહી કરવા અર્થે:

(૧) જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભરૂચ. (સ્પર્ધા સ્થળે જરૂરી મેડીકલ સુવિધા પુરી પાડવા સારૂ)
(૨) નાયબ માહિતી નિયામકશ્રી, ભરૂચ. (સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ)